**ડાયરેક્ટ ❤ સે**

સુખનું તાળું ખોલવા માટે બે સરળ ચાવી :
ઘસઘસાટ
અને
ખડખડાટ

## જન્મદિને વધામણી



**ભવ્યા વી રાવત**
**મો. ૯૮૨૫૪ ૭૮૯૭૧**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા દિપાવલી પર્વની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૧૪
ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિ-પ્રાઈમરીના ભૂલકાઓ અને પ્રાથમિક તથા માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા દિવાળી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ધાર્મિક વિધાનો મુજબ ચાલી આવતી પરંપરાને અનુસરી શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓને દિવાળી પર્વનું મહત્ત્વ સમજાવ્યું હતું. બાળકોમાં ધાર્મિક પરંપરા કેળવાય તે હેતુ સાર્થક કરવા પ્રયત્ન કર્યા હતા. ઉપરાંત નાના ભૂલકાઓને પત્ર વ્યવહાર દ્વારા પોસ્ટ ઑફિસની મુલાકાત પણ કરવામાં આવી હતી. જેથી બાળકોને પોસ્ટ કાર્ડ વિશે માહિતી મેળવે તે હેતુસર પોસ્ટ ઑફિસરની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના પ્રાથમિક માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ પણ દિવાળી પર્વની ઉજવણી ખૂબ ધામધૂમથી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ ક્લાસ ડેકોરેશન કરીને દિવાળી પર્વની ઉજવણી કરી હતી. નાના ભૂલકાઓએ રંગોળી પણ બનાવી હતી તથા પોતાનો ઉત્સાહ દર્શાવ્યો હતો. પ્રાથમિક તથા માધ્યમિકના વિદ્યાર્થીઓએ રંગોળીની સ્પર્ધામાં ભાગ લીધો હતો. ક્લાસ ડેકોરેશનની સ્પર્ધા પણ કરવામાં આવી હતી, જેના પ્રથમ ત્રણ વિજેતાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. આમ શાળામાં દિવાળી પર્વની ઉજવણી ખૂબ જ ધામધૂમથી કરવામાં આવી હતી.

### સંવેદનશીલ ભક્ત કવિ

# દલપત પઢિયારને મોરારિબાપુના હસ્તે નરસિંહ મહેતા એવોર્ડ



ગાંધીનગર, તા. ૧૪
ગુજરાતી સાહિત્યના સંવેદનશીલ ભકત કવિ અને સુપ્રસિદ્ધ સાહિત્યકાર દલપતભાઈ પઢિયારને પૂજ્ય સંત શ્રી મોરારિબાપુના વરદહસ્તે નરસિંહ મહેતા એવોર્ડ અર્પણ કરાયો છે. આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્યનિધિ દ્વારા પ્રતિ વર્ષ ગુજરાતી કવિતાના શ્રેષ્ઠ સર્જકને અપાતો આ પ્રતિષ્ઠિત પુરસ્કાર પૂ. મોરારિબાપુએ શરદપૂર્ણિમાની શીતળતાની સાક્ષીએ ગિરનારની ગોદમાં રૂપાયતનના પરિસરમાં શ્રી દલપતભાઈ પઢિયારને એનાયત કર્યો છે.

કવિ દલપતભાઈ પઢિયાર અને કવિ ગુલામ મોહમ્મદ શેખને નરસિંહ મહેતા એવોર્ડ અર્પણ કરતાં મોરારિબાપુએ ગુજરાતી કવિતા અને નરસિંહ મહેતા એવોર્ડ પ્રત્યે અહોભાવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, નરસિંહ મહેતાની આ ભૂમિમાં રાસથી રાસેશ્વર સુધીની આ યાત્રા અદભૂત છે. શબ્દ પોંખાવો જોઈએ, કવિતા પોંખાવી જોઈએ એમ કહીને તેમણે જણાવ્યું કે, નરસિંહ મહેતાના સ્થાનમાં આ ધરતીરૂપી ધૂપિયાંમાં ગૂગળ એટલે કે કવિ દલપત પઢિયાર અને લોબાન એટલે કે કવિ ગુલામ મોહમ્મદ શેખનો એક સાથે ધૂપ થયો છે. દત્ત અને દાતાર વચ્ચે સેતુ બનેલા નરસૈંયાની આ ભૂમિમાં શબ્દને પોંખવાનો અદભૂત અવસર સર્જાયો છે. આ પ્રસંગે જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી રઘુવીરભાઈ ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરના ઘરેણા સમા ગુજરાતના સુપ્રસિદ્ધ કવિ દલપતભાઈ પઢિયારને નરસિંહ મહેતા એવોર્ડમાં આદ્યકવિ નરસિંહ મહેતાની ધાતુની પ્રતિમા અને પુરસ્કાર રાશી સ્વરૂપે રૂા.૧,૫૧,૦૦૦નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. દલપતભાઈ પઢિયારે આ પ્રસંગને કવિતાનો ઉત્સવ અને શબ્દોનો માંડવો ગણાવીને સ્વરચિત કાવ્યોનું પઠન કર્યું હતું. તેમણે સંત પરંપરાને ભજન પરંપરાની ભેટ ગણાવીને કહ્યું હતું કે, ભજનની પરંપરાએ જ મને કવિતાની ભેટ આપી છે. સંતોએ માયાને નકારી છે, પરન્તુ લીલાને સ્વીકારી છે. સાહિત્યકાર હર્ષદભાઈ ત્રિવેદીએ પણ કવિ દલપત પઢિયારના કાવ્ય સર્જન વિષે વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે પદ્મશ્રી ભિખુદાનભાઈ ગઢવી, હરિશ્ચંદ્ર જોષી, પૂર્ણિમાબેન ખંડેરિયા, હેમંત નાણાવટી, સત્યાબેન પઢિયાર વગેરે મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધાઓમાં

# આર જી - એસ જી પટેલ સ્કૂલ ઝળકી

ગાંધીનગર, તા. ૧૪
ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક વિભાગની વિદ્યાર્થીનીઓએ ઈનામો પ્રાપ્ત કરી સ્કૂલના ગૌરવમાં વધારો કર્યો છે.

ખેલ મહાકુંભ અંતર્ગત આર્ચરીની સ્પર્ધામાં સ્કૂલના ધોરણ-૯ બીમાં અભ્યાસ કરતી માનસી લાભુભાઈ દેસાઈએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. માનસીને રમતગમત શિક્ષક હાર્દિકભાઈ તરફથી તાલીમ આપવામાં આવી હતી.

ઓપન એજ કુસ્તી સ્પર્ધામાં સ્કૂલના ધોરણ-૧૨માં અભ્યાસ કરતી ભાવના દશરથસિંહ સિસોદીયાએ પ્રથમ વિજેતાક્રમ સાથે રૂપિયા પાંચ હજારનું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું હતું. સ્કૂલના ધોરણ-૧૧ બીમાં અભ્યાસ કરતી કુસુમ દશરથસિંહ સિસોદીયાએ દ્વિતિય વિજેતાક્રમ સાથે રૂપિયા ત્રણ હજારનું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું હતું. આ બંને વિદ્યાર્થીનીઓની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી હતી. બંને વિદ્યાર્થીઓને શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના વ્યાયામ શિક્ષક ઉર્વશીબેન જોષી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સૌ વિજેતા વિદ્યાર્થીનીઓ અને તેમનાં માર્ગદર્શક શિક્ષકોને શાળા પરિવાર વતી આચાર્ય સુધાબોન પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### અસાઈત સાહિત્યસભા, મહેસાણાના ઉપક્રમે

# કલાવિમર્શ મૅગેઝીનના ચિનુ મોદી વિશેષાંકનું લોકાર્પણ






ગાંધીનગર, તા. ૧૪
અસાઈત સાહિત્યસભા, મહેસાણાના ઉપક્રમે 'કલાવિમર્શ' મૅગેઝીનના ચિનુ મોદી વિશેષાંકનું લોકાર્પણ તાજેતરમાં કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સાગર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. બળવંતરાય જાની, જાણીતા સર્જક કેશુભાઈ દેસાઈ, મુસાફિર પાલનપુરી, રમેશ ઠક્કર, અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, અંકિત ત્રિવેદી, વિનાયક રાવલ ઉપસ્થિત રહ્યા હતા. સાર્વજનિક કેમ્પસના ડૉલ્બી હૉલમાં જાજરમાન રીતે કવિ સંમેલનના આયોજન દ્વારા કરવામાં આવ્યું. અસાઈત સાહિત્યસભાના પ્રમુખ દિલીપભાઈ ચૌધરી, ઉપપ્રમુખ ઘનશ્યામ ગઢવીએ કાર્યક્રમને સફળ બનાવવા શ્રેષ્ઠ કામગીરી બજાવી છે. કાર્યક્રમનું સંચાલન ડૉ. પ્રકાશ પંડ્યાએ તથા આભારવિધિ ડૉ. યશોધર રાવલે કરી હતી. ભરચક સભાગૃહને સંબોધતાં ડૉ. બળવંતરાય જાનીને કહ્યું કે સર્જક ચિનુ મોદીનો આ વિશેષાંક શ્રેષ્ઠ નિવાપાંજલિ છે.

# ૪ કરોડથી વધુ બાળકો સત્યાર્થી કલાસમાં જોડાયા

## નોબેલ પારિતોષક વિજેતા કહે છેસારા સ્પર્શ-ખોટા સ્પર્શને ભૂલી જાઓ, સ્પર્શ ન થાય તેવું અનુસરણ કરો



ગાંધીનગર, તા. ૧૪
નોબલ શાંતિ પારિતોષિક વિજેતા, કૈલાસ સત્યાર્થીએ શુક્રવારે જયપુરમાં અત્યાર સુધીનો સૌથી મોટો કલાસ લીધો હતો. જાતિય શોષણનાં જોખમો અંગે જાગૃતિ વધારવા અંગે તેમણે ડીએવી સેન્ટેનરી પબ્લિક સ્કૂલમાં ૧૫,૦૦૦થી વધુ બાળકો સાથે ૩૫ મિનીટ સુધી વાર્તાલાપ કર્યો હતો. એમાં ડીએવી સ્કૂલની વિવિધ શાખાઓમાંથી વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ સેશનમાં બાળકોને ભારતના બંધારણે આપેલા મૂળભૂત અધિકારો અંગે વાત કરવામાં આવી હતી. પોતાની જાતની સુરક્ષા માટે સારા સ્પર્શ-ખોટા સ્પર્શ વચ્ચેનો તફાવત સમજવા અને તે દ્વારા પોતાને તથા અન્ય બાળકોને શોષણથી દૂર રાખવા તેમજ નો ટચના સિધ્ધાંતને સમજવાની જરૂર અંગે વાત કરવામાં આવી હતી.

કૈલાસ સત્યાર્થીએ જણાવ્યું હતુ કે 'દુનિયા આજે અભૂતપૂર્વ ક્ષણની સાક્ષી બની રહેનાર છે, જ્યારે ભારતનાં ૪ કરોડથી વધુ બાળકો બળાત્કાર અને જાતિય શોષણ સામેના યુધ્ધમાં જોડાયા છે. તેમણે બાળકોની સલામતિ અંગેના સૌથી મોટા શિક્ષણમાં ભાગ લીધો છે. ભોગ બનેલા લોકોને દોષ આપનારા તથા લાંછન લગાડનારા અને ગુનેગારને મજબૂત બનાવતા દુનિયાના જૂનવાણી માઈન્ડસેટ ઉપર આ સૌથી મોટો હુમલો છે. મને વિશ્વાસ છે કે ભારતનાં બાળકો સમજ્યાં છે કે તેમના શરીર અને આત્માના તે માલિક છે. આ પેઢી જ્યારે પોતાની સુરક્ષા કરવા માટે સક્ષમ છે ત્યારે આવનારી પેઢીઓની પણ સુરક્ષા થશે તેવી ખાત્રી મળે છે.' તેમણે જાતે જેની ગોઠવણ કરી હતી તે બેઠકમાંરાજસ્થાનની સેંકડો શાળાઓના બાળકોએ સમાંતરપણે ભાગ લીધો હતો.

બાળકો અને શિક્ષકોમાં 'સત્યાર્થી કલાસ'ના લોકપ્રિય નામથી જાણીતા આ કલાસમાં દેશભરમાંથી ૪ કરોડથી વધુ બાળકો જોડાયા હતા. આ ક્લાસમાં ભારત યાત્રાના ઉદ્દેશ મુજબ બાળકોના જાતિય શોષણ અને તસ્કરી નિવારવાના પાઠ ભણાવવામાં આવ્યા હતા. આ ક્લાસનું પ.બંગાળ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, તામિલનાડુ, તેલંગણા, સિક્કિમ, રાજસ્થાન, પંજાબ, ઓરિસ્સા, મધ્ય પ્રદેશ, મણીપુર, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ગુજરાત, દિલ્હી, ચંદીગઢ, છત્તીસગઢ, બિહાર અને આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, કર્ણાટક જેવા દેશનાં ૨૩ રાજ્યોની ૬૯૩ ડીએવી શાળાઓમાં આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત આસામ, ઝારખંડ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, કેરાલા, તામિલનાડુ અને એનપીએસ સ્કૂલ ઓફ દિલ્હી, એનસીઆરની સરકારી અને ખાનગી શાળાઓમાં પણ કૈલાસ સત્યાર્થી ચિલ્ડ્રન ફાઉન્ડેશનના માર્ગદર્શન મુજબ કલાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ શાળાઓ આ સપ્તાહ દરમ્યાન ક્લાસનું આયોજન કરશે અને દેશમાં બાળકોની સલામતિ, સુરક્ષા અને કલ્યાણમાટેની ઝુંબેશમાં પ્રદાન કરશે. કૈલાસ સત્યાર્થી જણાવે છે કે 'બિલકુલ ૩ વર્ષ પહેલાં મારા નોબલ પ્રાઈઝની જાહેરાત કરવામાં આવી હતી. મારા માટે નોબેલ એ મારા મિશનનું અલ્પવિરામ છે, પૂર્ણ વિરામ નહી. આજે એક એક્ટિવિસ્ટ તરીકે દરેક બાળક, બાળકની જેમ મુક્ત રહે તે માટેની મારી લડત હંમેશાં ચાલુ રહેશે. હું ભારતને બાળકો માટે સલામત બનાવવા ૨૨ રાજ્યોમાં ૧૧,૦૦૦ કિમી.ની કૂચ કરી રહ્યો છું.'

તેમણે બાળકોના વધતા જતા શોષણ અને તસ્કરીના નિવારણ અને ઉપાયો શોધવા માટે ૩૫ દિવસની ભારત યાત્રાનો પ્રારંભ કર્યો છે. દેશભરમાં ભારત યાત્રાની જે અસર ઉભી થઈ છે તે એમાં સામેલ થનારા મોટાસમુદાય દ્વારા જણાઈ આવે છે. તે આ બાબતે જાગૃતિ ઈચ્છી રહયા છે અને બાળહિતૈષી, સલામત અને સુરક્ષિત ભારત ઈચ્છી રહ્યા છે.

અહેવાલોમાં એવું જણાવવામાં આવ્યું છે કે ભારતમાં દરરોજ અંદાજે ૪૦ બાળકો જાતિય શોષણના ગંભીર ગુનાનો ભોગ બને છે. એનો અર્થ એવો થયો કે દર કલાકે બે બાળકો ભોગ બને છે. સમાજના માનસમાં ક્રાંતિ લાવવામાં શિક્ષણ મોટી ભૂમિકા ભજવી શકે તેમ છે. આ પાઠ બાળકોને સલામત રહેવા માટે અને તેમના જેવાં બીજા બાળકોને સલામત રાખવામાં અને બાળકોની સમસ્યાઓ બાબતે પ્રવર્તતા અજ્ઞાનને દૂર કરવાનું શિખવે છે.

વર્તમાન સમયમાં બાળકો અને યુવાનોને જાતિય શોષણનું મહત્વ અને નોંધપાત્રતા અંગે સમજાવવું તે ખૂબ જ તાકીદનીતેમજ અગત્યની બાબત છે. આ પાઠ દ્વારા બાળકોને સલામત રહેવા તથા તેમના જેવા અન્ય બાળકોને સલામત રહેવા માટે શિખવવામાં આવે છે. બાળકોના જાતિય શોષણ અંગે માહિતી દ્વારા તેમની સમજનો પાયો મજબૂત બનાવીને તેમને મૂળભૂત હક્કો અને કાયદાઓ દ્વારા મળતી સુરક્ષા અંગે સમજાવવાનો છે. ભારતમાં ક્રાંતિકારી સામાજીક પરિવર્તનની જરૂર છે, કે જેથી દેશને ચાઈલ્ડ ફ્રેન્ડલી દેશ બનાવી શકાય, જ્યાં દરેક બાળક મુક્ત, સલામત, શિક્ષિત અને તંદુરસ્ત હોય. ભારત યાત્રા આ દિશાનું પ્રથમ કદમ છે.

જયપુરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં બાળકોએ કૈલાસ સત્યાર્થી, રાહુલ બજાજ અને ભારત યાત્રાને ઉષ્માભર્યો આવકાર આપ્યો હતો. તેમણે નુક્કડ નાટક અને સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા તેમનું સ્વાગત કર્યું હતું.

જ્યારથી શરૂઆત થઈ ત્યારથી ભારત યાત્રાને દેશભરમાંથી નાગરિકોનો અભૂતપૂર્વ સહયોગ મળી રહ્યો છે. વિવિધ ધર્મ, પ્રદેશ, વ્યવસાય અને કામગીરી કરતા લોકો એક થઈને યાત્રાને બાળકો માટે સલામત ભારતના નિર્માણ માટે ટેકો આપી રહ્યા છે. આ બધા સાથે મળીને બહેતર કાયદા, મજબૂત અમલીકરણ તથા શોષણ અને તસ્કરીનો ભોગ બનેલી વ્યક્તિને ન્યાય આપવાની ઝડપી પધ્ધતિ ઈચ્છી રહ્યા છે.




(૧) જળ સંસાધન માટે ભારતે કયા દેશ સાથે કરારો કર્યા છે ?
(એ) મોરક્કો
(બી) જાપાન
(સી) ચીન
(ડી) બેલારૂસ

(૨) સાઈબર સ્પેસ માટેનું પાંચમું વૈશ્વિક સંમેલન નવેમ્બર માસમાં ભારતના કયા શહેરમાં યોજાશે ?
(એ) મુંબઈ (બી) હૈદરાબાદ
(સી) ગાંધીનગર (ડી) નવી દિલ્હી

(૩) ટાઈમ્સ મેગેઝીનની નેક્સ્ટ જનરેશન લીડર્સની યાદીમાં કઈ એક ભારતીય યુવતિને સામેલ કરવામાં આવી છે ?
(એ) ગુરમિત કૌર (બી) પ્રિયા દાસ ગુપ્તા
(સી) અનુપ્રિયા સિંઘ (ડી) ગુરમેહર કૌર

(૪) તાજેતરમાં ચીને કયા દેશની કંપનીઓને બંધ કરવાનો આદેશ આપ્યો છે ?
(એ) ભારત (બી) ઉત્તર કોરિયા
(સી) અમેરિકા (ડી) પાકિસ્તાન

(૫) હાલમાં જ જાહેર થયેલી ગ્લોબલ હંગર ઈન્ડેક્સ રિપોર્ટની ૧૧૯ દેશોની યાદીમાં ભારતને કયો ક્રમ મળ્યો છે ?
(એ) ૧૦૦ (બી) ૯૦
(સી) ૮૦ (ડી) ૧૧૦

(૬) તાજેતરમાં કયા દેશે યુનેસ્કોની સદસ્યતા છોડવાની જાહેરાત કરી છે ?
(એ) પાકિસ્તાન (બી) અમેરિકા
(સી) સ્વીડન (ડી) ભારત

(૭) કેન્દ્ર સરકારે બીજી ઑક્ટોબર, ૨૦૧૯થી બીજી ઑક્ટોબર, ૨૦૨૦ સુધી કયા મહાપુરુષની ૧૫૦મી જન્મજયંતિ ઉજવવાની જાહેરાત કરી છે ?
(એ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (બી) જવાહરલાલ નહેરુ
(સી) સરદાર પટેલ (ડી) મહાત્મા ગાંધી

(૮) તાજેતરમાં ચીનના ભારતના નવા રાજદૂત તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) વિકાસ ત્રિપાઠી (બી) ગૌતમ બંબાવાલે
(સી) વિજય ગોયેલ (ડી) કે એસ એટોરિયા

(૯) ધ ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટની સુરક્ષિત શહેરો-૨૦૧૭ની યાદીમાં સૌથી સુરક્ષિત શહેર કયું છે ?
(એ) નવી દિલ્હી (બી) ટોકિયો
(સી) સિંગાપુર (ડી) ન્યૂયોર્ક

(૧૦) તાજેતરમાં કયા રાજ્યમાં વિકલાંગ અને આશ્રિતો માટે વિશેષ યોજના શરૂ કરવામાં આવી છે ?
(એ) જમ્મુ-કાશ્મીર (બી) હરિયાણા
(સી) હિમાચલ પ્રદેશ (ડી) મધ્યપ્રદેશ